BRAMPTON

**Media Release**

ત્વરિત જાહેરાત માટે

# નાગરિક સલાહકાર સમિતિઓ, બોર્ડ અને ટ્રિબ્યુનલ્સ માટેની અરજીઓ મેળવવાનો પ્રારંભ

*2022-2026 ની મુદત માટે સમાજ માટે ઉત્સાહ ધરાવતા બ્રૅમ્પટનવાસીઓને અરજી કરવા પ્રોત્સાહિત કરીએ છીએ*

બ્રૅમ્પ્ટન, ઓન્ટારિયો (02 ફેબ્રુઆરી 2023) – શહેરના વિકાસ માટે જોશીલા રહેવાસીઓ જેઓ આપણા સમુદાયના ભવિષ્યને આકાર આપવામાં મદદરૂપ થવા માંગતા હોય તેમને સિટી કાઉન્સિલની 2022-2026ની મુદત માટે ની સિટી ઓફ બ્રૅમ્પટન સલાહકાર સમિતિઓ, બોર્ડ્સ અને ટ્રિબ્યુનલો માટે અરજી કરવાનું આમંત્રણ છે.

આવા જૂથોના સભ્યો આપણા શહેરમાં પરિવર્તન લાવે છે અને તેઓ સીધા સ્થાનિક સરકારના નિર્ણયોમાં સામેલ હોય છે. બ્રૅમ્પટન સલાહકાર સમિતિઓ, બોર્ડ્સ અને ટ્રિબ્યુનલો મેયર અને કાઉન્સિલને બ્રૅમ્પટનવાસીઓ માટે મહત્ત્વપૂર્ણ સમસ્યાઓ વિશે પોતાના પ્રતિભાવો આપવામાં મદદ કરશે. રહેવા, કામ કરવા અને મનોરંજન માટે નિર્ણય લેવાની પ્રક્રિયામાં લોકોની ભાગીદારી એક ઉત્તમ સ્થળ બનાવવાની ચાવી છે.

નીચેની બાબતો માટે અરજી સ્વીકારવાનું ચાલુ છે:

**ખાલી જગ્યાઓ ધરાવતા નાગરિક આધારિત સલાહકાર સમિતિઓ અને બોર્ડ:**

- એક્સેસિબિલિટી એડવાઈઝરી કમિટી
- એક્ટિવ ટ્રાન્સ્પોર્ટેશન એડવાઈઝરી કમિટી
- બ્રૅમ્પટન હેરિટેજ બોર્ડ
- બ્રૅમ્પટન લાઈબ્રેરી બોર્ડ
- બ્રૅમ્પટન કમ્યુનિટી સેફ્ટી એડવાઈઝરી કમિટી
- બ્રૅમ્પટન સ્કૂલ ટ્રાફિક સેફ્ટી કાઉન્સિલ
- બ્રૅમ્પટન સ્પોર્ટ્સ હૉલ ઓફ ફેમ કમિટી
- ઈન્વાયરન્મન્ટ એડવાઈઝરી કમિટી

**એડજુડિકેટિવ કમિટી, એડમિનિસ્ટ્રેટિવ ટ્રિબ્યુનલ અને અન્ય નિમણૂકો:**

- એડમિનિસ્ટ્રેટિવ મોનેટરી પેનલ્ટી સિસ્ટમ હિઅરિંગ રિવ્યુ ઓફિસર
- બ્રૅમ્પટન અપીલ ટ્રિબ્યુનલ
- કમિટી ઓફ એડજસ્ટમેન્ટ
- ઈલેક્શન કમ્પ્લાયન્સ ઑડિટ કમિટી
- પ્રોપર્ટી સ્ટેન્ડર્ડ્સ કમિટી

અરજી પત્રકો સુલભ બને અને લાયકાતો અને જવાબદારીઓ સહિત વધુ વિગતો માટે, અહીં ક્લિક કરો.. અરજીઓ રજૂ કરવાની છેલ્લી તારીખ 28 ફેબ્રુઆરી 2023 ના રોજ સાંજે 4:30 વાગ્યા સુધી રહેશે.

કાઉન્સિલના ઓછામાં ઓછા ત્રણ સભ્યોની સમિતિ અરજદારોનો ઇન્ટરવ્યુ લેશે ત્યારબાદ માર્ચમાં મેયર અને કાઉન્સિલને નિમણૂક અંગે ભલામણો કરશે.

વિનંતી કરવાથી વૈકલ્પિક સ્વરૂપમાં અરજીઓ ઉપલબ્ધ છે. વધુ માહિતી માટે અહીં સંપર્ક કરશોજી:

**સિટી ક્લર્કની કચેરી**

બ્રૅમ્પટન સીટી હૉલ, અક્ષરજ્ઞાન
2 વેલિંગ્ટન સ્ટ્રીટ પશ્ચિમ
(Brampton City Hall, 2 Wellington St W) ON L6Y 4R2
905-874-2100, cityclerksoffice@brampton.ca

સુવાક્ય

"આપણે ભવિષ્ય માટે કેવી યોજના બનાવીએ છીએ તેમાં નાગરિક નિમણૂક નિર્ણાયક ભૂમિકા ભજવે છે. સુશાસન અને વિકાસ માટે લોકોની ભાગીદારી મહત્વપૂર્ણ છે. સાથે મળીને, આપણે સંભવિતપણે શ્રેષ્ઠ બ્રૅમ્પટન બનાવી શકીએ છીએ. કૃપા કરીને આપણી આજને આકાર આપવા અને આપણે શહેર માટે કાલે વિકસિત થવામાં સહાય માટે તમારું પોતાનું નામ આગળ કરવાનો વિચાર કરો."

- *પૅટ્રિક બ્રાઉન, મેયર, સીટી ઓફ બ્રૅમ્પટન*

-30-

**કેનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ , અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca

**મિડિયા સંપર્ક (MEDIA CONTACT):**
સીટી ઓફ બ્રૅમ્પટન મલ્ટિકલ્ચરલ મિડિયા
multiculturalmedia@brampton.ca